# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જાગૃતિ વકીલ

### કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૨૯-૦૬-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## મન કી બાત :

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે અગિયાર વાગ્યે આકાશવાણી પરથી પ્રસારિત થનાર "મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે.આ માસિક રેડિયો કાર્યક્રમની એક સો અગિયારમી કડી હશે.શ્રી મોદીના સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી પદ સંભાળ્યા બાદ આ "મન કી બાત" ની પહેલી કડી હશે.

અગિયાર વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ તેનો ગુજરાતીમાં ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના બધા જ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, એઆઈઆર ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન એઆઈઆર મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. ઉપરાંત આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય તેમ જ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------

## UGC NET પરીક્ષા :

રાષ્ટ્રીય પરીક્ષા સંસ્થા – N.T.A.એ હાલમાં જ રદ અને મોકૂફ કરાયેલી પરીક્ષાઓ માટે નવી તારીખ જાહેર કરી છે.

N.T.A.એ ગઈકાલે જાહેર કરેલી સૂચનામાં જણાવ્યું કે,UGC નેટ જૂન 2024 પરીક્ષા હવે 21 ઑગસ્ટથી ચાર સપ્ટેમ્બર દરમિયાન લેવાશે. આ પરીક્ષા આ મહિનાની 18 તારીખે યોજાવાની હતી, પરંતુ તેના એક દિવસ પછી પરીક્ષા રદ થઈ ગઈ હતી.સંયુક્ત CSIR-UGC નેટ જૂન 2024 પરીક્ષા હવે 25થી 27 જુલાઈએ લેવાશે.આ પરીક્ષા પણ મોકૂફ રાખવામાં આવી હતી.

ચાર વર્ષીય ઈન્ટિગ્રેટેડ ટીચર એજ્યુકેશન પ્રૉગ્રામ – I.T.E.P.માં પ્રવેશ માટે નેશનલ કૉમન એન્ટ્રન્સ ટેસ્ટ -N.C.E.T.ને મોકૂફ રાખવામાં આવી હતી. હવે આ પરીક્ષા 10 જુલાઈએ લેવાશે.

N.T.A.એ કહ્યું કે,અખિલ ભારતીય આયૂષ અનુસ્નાતક પ્રવેશ પરીક્ષા 2024 પોતાના મૂળ સમયપત્રક મુજબ 6 જુલાઈએ જ યોજાશે.આ ઉપરાંત N.T.A.એ ઉમેદવારોને વધુ માહિતી મેળવવા માટે તેની સત્તાવાર વેબસાઈટ www.nta.ac.in પર જવાની સલાહ આપી છે.

**RNU અમદાવાદ**

-----------------------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-અમદાવાદ :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટાઉન પ્લાનર્સ, ઇન્ડિયા-ગુજરાત ચેપ્ટર'ની કૉન્ફરન્સનો અમદાવાદમાં પ્રારંભ થયો છે.મુખ્યમંત્રીએ

આગામી પાંચ વર્ષમાં ભારત દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.. કોન્ફરન્સમાં ગ્લોબલ વોર્મિંગના પડકારને પહોંચી વળવા માટે પર્યાવરણની જાળવણી ઉપર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.રિડ્યુસ,રિયુઝ અને રિસાયક્લીંગ થકી શહેરી જીવનને વધુ સરળ બનાવવાની પણ વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી.

**RNU અમદાવાદ**

**--------------------------------------------------------------------------------------**

## <u>ક્રિકેટ :</u>

**આઈસીસી ટી-20 વિશ્વકપની ફાઈનલ મેચ આજે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે બાર્બાડોસમાં રમાશે.આજની મેચ એટલા માટે પણ મહત્વની છે,કે ભારત વર્ષ 2013 પછી એક પણ આઈસીસી ખિતાબ જીતી નથી શક્યું.જ્યારે દક્ષિણ આફ્રિકા પણ પ્રથમ વાર પુરૂષ વિશ્વકપની ફાઈનલમાં પહોંચ્યું છે.ફાઈનલમાં પહોંચનારી આ બંને ટીમ આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી એક પણ મેચ હારી નથી.**

કચ્છમાં પણ ફાઈનલ જંગ માણવા માટે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.ભુજ-ગાંધીધામ સહીત ઠેર-ઠેર મોટા સ્ક્રીન રાખીને સમુહમાં મેચ જોવાના આયોજનો ગોઠવાયા છે.

**RNU અમદાવાદ**

**--------------------------------------------------------------------------------------**

## <u>સરહદ ડેરી-અંજાર :</u>

કોચી ખાતે યોજાયેલા ઇન્ટરનેશનલ ડેરી ફેડરેશન-2024માં International year of camelid વિષય પર કચ્છની સરહદ ડેરી અંજારને મોડેલ તરીકે ઓળખ પ્રાપ્ત થઈ છે.વિશ્વમાં પ્રથમ વખત રિજિયોનલ ડેરી કોન્ફરન્સ-2024નું તારીખ 26 થી

28 જૂન 2024 સુધી આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ભારત તેમજ વિશ્વના ડેરી તજજ્ઞનોએ ભાગ લીધો.

આ કોંફેરેન્સની થીમ “ખેડૂતને કેન્દ્રમાં રાખીને નવીનતાઓ” વિષય પર પર યોજવામાં આવી હતી.આ કોન્ફેરન્સમાં વિશ્વમાં ઊંટ અને ઊંટડીના વિષય પર વિવિધ સ્પીકર તથા પેનાલિસ્ટ દ્વારા ચર્ચા માટે એક મહત્ત્વનો સેશન યોજવામાં આવ્યો હતો.જેમાં સરહદ ડેરી અંજાર દ્વારા એશિયા પેસિફિક પ્રદેશમાં ઊંટડીના દૂધમાં એક રોલ મોડેલ તરીકે કામગીરી થઈ છે તેની વૈશ્વિક સ્તરે નોંધ લેવામાં આવી હતી.આ કોન્ફરન્સમાં આગામી વર્ષનો દૂધ અને દૂધ ઉત્પાદન ક્ષેત્રે વિવિધ ચર્ચા કરવામાં આવી તેમજ પશુપાલકોનું જીવન ધોરણ ઊંચું લાવવા વિષે ચર્ચા થઈ હતી.

**NP-જાગૃતિ વકીલ**

---

## વિશ્વ એસ્ટરોઈડ દિવસ-ભુજ :

પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર- ભુજ ખાતે આવતીકાલે ૩૦ જુનના આંતરરાષ્ટ્રીય એસ્ટરોઇડ દિવસની ઉજવણી અંતર્ગત ઇન્ટરએક્ટિવ સેશન અને ક્વિઝનું સાંજે 5 થી 7 આયોજન કરવામાં આવ્યું છે.તેમજ  એસ્ટરોઇડ, મીટીરોઇડ્સ, તુંગુસ્કા ઇવેન્ટ,ડાર્ટ મિશન વિશે પણ માહિતીગાર કરાશે.આ વિશેષ વૈજ્ઞાનિક કાર્યક્રમમાં જોડવા માટે આયોજકો દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

**NP-જાગૃતિ વકીલ**

---

## કચ્છી સાહિત્ય અકાદમી :

કચ્છી સાહિત્ય અકાદમી અને કચ્છી સાહિત્ય મંડળ દ્વારા ભુજમાં આગામી તા.સાતમીએ, રવિવારે કચ્છી નવું વર્ષ 'આષાઢી બીજ'એ એક દિવસીય સેમિનાર યોજાશે.આ સેમિનારમાં કચ્છી સાહિત્ય મંડળ પ્રકાશિત પ્રતાપરાય ત્રિવેદીની

કવિતાનાં ત્રણ પુસ્તકોનું વિમોચન મહાનુભવોના હસ્તે કરાશે.આ પ્રસંગે કચ્છી સાહિત્ય મંડળ દ્વારા યોજાયેલી કચ્છી ભાષા/સાહિત્ય પુસ્તક પરીક્ષાના વિજેતાઓને પુરસ્કાર તથા સન્માનપત્ર અપાશે,તેવું કચ્છી સાહિત્ય મંડળના સ્થાપક લાલજી મેવાડાની યાદીમાં જણાવાયું હતું.

**NP-જાગૃતિ વકીલ**

---------------------------------------------------------------------------------------------